# જાતિવાદી
# કનડગત
# અપરાધ
# છે

## 0800 0 85 85 11
### જાતિવાદી બનાવોની રિપોર્ટિંગ લાઈન

## નૉટિંગહામશાયર પોલીસ પાસે તમે શી આશા રાખી શકો છો.

- એક પોલીસ અધિકારી રૂબરૂ આવીને તમને મળે અને બનાવની નોંધ લઈને તપાસ કરે. તમે આ બનાવને જાતિવાદી ગણાવશો તો પોલીસ અધિકારી એ માની લેશે.
- હંમેશાં તમારી સાથે વાજબી અને પ્રામાણિકતાભર્યું આચરણ થાય અને તમારું માન જળવાય.
- તપાસના દરેક તબક્કે શી કાર્યવાહી થઈ તેની તમને નિયમિત જાણ કરવામાં આવે.
- અમે કહીએ કે અમુક કામ થશે, તો એ થાય જ.
- તપાસ વ્યવસ્થિત રીતે કરાશે. તમારી સંમતિથી અપરાધીઓને શકય તેટલા બધા કેસોમાં સજા કરાશે.
- સ્થાનિકનો બીટ ઓફિસર નિયમિત રીતે તમારો સંપર્ક કરશે.
- તપાસનાં પરિણામ વિશે અધિકારી તમને રૂબરૂ મળીને જાણ કરશે.
- તમારા કેસ બાબતમાં અમે જે રીતે કામ કર્યું તે અંગે અભિપ્રાય આપવાની તમને તક મળશે.

## પોલીસ સેવાથી તમને સંતોષ ન હોય તો શું કરવું.

જાતિવાદી કનડગતની ભોગ બનેલી વ્યકિતને એને મળતી સેવાઓથી અસંતોષ ન થાય તે જોવાનું નૉટિંગહામશાયર પોલીસનું લક્ષ્ય છે. તમારા કેસ પર અમે જે રીતે કામ કરતા હોઈએ તેનાથી તમને સંતોષ ન હોય તો કેસ સંભાળનાર અધિકારીને જાણ કરશો કે જેથી એ બાજી સંભાળી લેવાનો પ્રયાસ કરે.

તે પછી પણ તમને અસંતોષ રહી જાય તો તમારા વિસ્તારમાં પોલીસ સેવા માટે જવાબદાર લોકલ એરિયા કમાંડરને મળશે.(એનાં નામઠામ તમને 0115 967 0999 પર ફોન કરવાથી મળી જશે).

એ અધિકારી પણ તમારી વાત કાને ન ધરે તો તમને પોલીસ સ્ટેશનમાં કોઈ ઈન્સ્પેકટરને મળીને પોલીસની વિરુદ્ધ ફરિયાદ કરવાનો અધિકાર છે. અથવા તો તમે શેરવૂડ લૉજ, ઍમૉલ્ડ, નોટિંગહામ NG5 BPP એ સરનામે ચીફ કોન્સ્ટેબલને લેખિત ફરિયાદ પણ કરી શકો છો.

## જાતિવાદી કનડગત એટલે શું ?

જાતિવાદી કનડગત એટલે જાતિગત પૂર્વગ્રહને કારણે કરવામાં આવેલું અપરાધપૂર્ણ કૃત્ય કે વર્તન. આમાં ચામડીના રંગ, રાષ્ટ્રીયતા, જાતિગત મૂળ કે સાંસ્કૃતિક પશ્ચાદ્ભૂને કારણે પેદા થયેલા પૂર્વગ્રહનો પણ સમાવેશ થાય છે.

જાતિવાદી ગાળાગાળી, અપમાન અને ધાકધમકી જેવા કેટલાક જાતિવાદી કનડગતના પ્રકારો તો સૌ સ્પષ્ટ રીતે જાણી–સમજી શકે છે. બીજા કેટલાક પ્રકારો એટલા દેખીતા ન પણ હોય, દાખલા તરીકે, તમારી સંપત્તિને નુકસાન થાય, શાળાઓમાં બાળકો 'દાદાગીરી'નો શિકાર બને, તમારી સામે બદઈરાદાથી ફરિયાદો થાય અને તમારા પ્રત્યે 'અસામાજિક' વર્તન થાય. કયારેક લોકો જુદી જાતિગત પશ્ચાદ્ભૂવાળા લોકો સાથે સંબંધ / સંબંધો રાખતા હોય તે કારણે પણ એમની કનડગત થતી હોય છે.

જાતિવાદી કનડગત દેખાઈ આવે તેવી સ્પષ્ટ હોય કે ન હોય, પરંતુ એનાથી ગુસ્સા, હતાશા, અળગાપણા, લાચારી અને ભયની લાગણી પેદા થતી હોય છે. તમે ભોગ બન્યા હો તો તમારા માટે એ જાણવાનું અગત્યનું છે કે તમે એકલા નથી અને મદદ મળી શકે તેમ છે.

## પોલીસ કઈ વર્તણૂકને જાતિવાદી કનડગત માને છે?

નૉટિંગહામશાયર પોલીસ જાતિવાદી કનડગતની આ રીતે સ્પષ્ટ વ્યાખ્યા કરે છે:

**"અમુક બનાવમાં એનો શિકાર બનનાર કે અન્ય વ્યકિત એને જાતિવાદી માને તો એ જાતિવાદી બનાવ છે."**
*(સ્ટીફન લૉરેન્સ ઈન્કવાયરીનું મંતવ્ય)*

તમે કે તમે જેને જાણતા હો તેવી કોઈ વ્યકિત કોઈ પ્રકારની જાતિવાદી કનડગતનો ભોગ બન્યા હો તો પોલીસ એને જાતિવાદી બનાવ માનશે. આમાં કંઈ અપવાદ નથી. 'જો'–'તો', 'પરંતુ' જેવું કશું નથી. તમે એટલું જ જાણી લો:

**"તમે કહો છો કે આ જાતિવાદી બનાવ છે, તો છે."**

## જાતિવાદી કનડગતની જાણ કરો.

જાતિવાદી કનડગતનો ભોગ બનેલા કેટલાક લોકો એવી વિમાસણમાં હોય છે કે આ બનાવ પોલીસને જાણ કરવા જેવો ગંભીર છે કે નહિ. બધી જાતની જાતિવાદી કનડગત ગંભીર છે. એ કોઈએ સહન કરવાની જરૂર નથી.

નૉટિંગહામશાયર પોલીસ અને નૉટિંગહામ એન્ડ ડિસ્ટ્રિકટ ઈકવાલિટી કાઉંસિલ (REC) જાતિવાદી કનડગતના બધા બનાવોની પોલીસને જાણ કરવાને પ્રોત્સાહન આપે છે.

તમે તમારા વિસ્તારના પોલીસ સ્ટેશનને ટેલીફોનથી, રૂબરૂ કે લેખિતમાં જાતિવાદી કનડગતના બનાવની જાણ કરી શકો છો. સંકટની સ્થિતિમાં હમેશાં 999 પર ફોન કરો. તમે જાતિવાદી બનાવ બન્યાની જાણ કરશો ત્યારે એક અધિકારી તમને મળે એવી વ્યવસ્થા કરાશે. આવી મુલાકાત તમારી પસંદગીના સ્થળે ગોઠવાશે.

તમારા વતી બીજી કોઈ વ્યકિત (દાખલા તરીકે, તમારો મિત્ર કે સંબંધી) અથવા, કોઈ નજરે જોનાર પણ, જાતિવાદી બનાવની જાણ કરી શકે છે.

### જાતિવાદી ઘટના હેલ્પલાઈન (તાકીદના ન હોય તેવા કૉલ) 0800 0 85 85 11

જે જાતિવાદી બનાવો તાકીદના ન હોય તેના વિશે જાણ કરવા માટે નૉટિંગહામશાયર પોલીસના ફ્રીફોન ટેલીફોનનો ઉપયોગ કરો. અહીં તમને અધિકારીઓ સાથે વાત કરવાની તક મળશે. આ અધિકારીઓને જાતિવાદી કનડગતની બાબતમાં કામ કરવાની તાલીમ આપવામાં આવી હોય છે. તેઓ જાતિવાદી કનડગતની ફરિયાદ કરવામાં લોકોને પડતી અમુક મુશ્કેલીઓ પણ સમજી શકે છે. તમને આ ફરિયાદ પછી વધારે કનડગત થશે એવી ફિકર હોય અથવા પોલીસ ફરિયાદ પર ગંભીરતાથી ધ્યાન નહિ આપે એવી બીક હોય તે પણ એ અધિકારીઓ સમજે છે.

તમારે નામ આપવાની જરૂર નથી પરંતુ તમે જે માહિતી આપશો તેના પરથી જ્યાં આવી સમસ્યાઓ હોય તેનું એક ચિત્ર બનશે. કયારેક તમારા ફોન આન્સરફોન પર ઝીલાશે. ચિંતા ન કરશો. અધિકારીઓ તમારો સંપર્ક કરશે. એ વખતે માત્ર તમારી સાથે સીધી વાત કરશે. આગળ શું થવું જોઈએ તે વિશેની તમારી ઈચ્છાઓને તેઓ માન આપશે.

આ ગુપ્ત સર્વિસના સંપર્ક માટે **0800 0 85 85 11** પર ફોન કરશો

### બનાવોની જાણ કરવાની બીજી રીતો

તમે પોતે જ પોલીસને જાણ ન કરી શકતા હો તો તમારા વતી સ્થાનિક સામુદાયિક જૂથો અને સંસ્થાઓ ફરિયાદ કરી શકે છે. (જૂઓ 'બીજી મદદ').

### ભાષા આડે આવે

પોલીસને જાતિવાદી બનાવોની જાણ કરવામાં ભાષા નડતર ન બનવી જોઈએ. નૉટિંગહામશાયર પોલીસ દિવસમાં ગમે ત્યારે 100 કરતાં વધારે ભાષાઓના ઈંટરપ્રેટરો (દુભાષિયાઓ)ને ફોન કરીને મદદ માગી શકે છે.

## તમે જાતિવાદી કનડગતનો શિકાર બન્યા હો તો શું કરવું.

જાતિવાદી કનડગતનો શિકાર બનનારા કહે છે કે એને કારણે ટીખળના નિશાન બનવું પડે છે, જેને પહોંચી વળવાનું આકરૂં થઈ પડે છે. આ સંયોગોમાં તમારે શું કરવું અથવા તમારા વતી શું થઈ શકે તે જાણવું ઉપયોગી થશે. કોઈ ઘટના બને તોઃ

- એની ફરિયાદ કરો.
- એ જાતિવાદી બનાવ હતો એમ પોલીસને કહો અને પોલીસ એ વાત માને છે તેની ખાતરી કરો.
- તમે જે અધિકારી સાથે વાત કરો તેનું નામ અને નંબર નોંધી લો. એ અધિકારી સાથે ફરી વાત કરવાનું જરૂરી લાગે તો તમને એ કામ લાગશે. બીજી એજન્સીઓ સાથે વાત કરવી પડે તો પણ એની જરૂર પડશે.
- પોલીસ આ કેસમાં આગળ જે કાર્યવાહી કરે અને તમને કહે તેની નોંધ રાખો.
- તમને અપરાધ નોંધ્યાનો નંબર મળે તેની કાળજી લો (એ કદાચ તરત નહિ મળે, અધિકારીએ તમને એ પછીથી આપવાનો રહેશે).
- પુરાવા તરીકે વપરાય તેવી કોઈ ચીજવસ્તુ, જેમ કે, શસ્ત્રો, કપડાં, કાગળો, લીફલેટ વગેરેને અડકશો નહિ. પોલીસ એનો ઉપયોગ તમારા કેસમાં કરી શકે છે.
- બનાવ (બનાવો)ની નોંધ રાખો. જેટલી વિગતો યાદ આવે તે બધી જ નોંધી લો; દાખલા તરીકે, તારીખ, સમય, સ્થળ, અપરાધીઓનું વર્ણન, એમણે વાપરેલા મૂળ શબ્દો અને તમને એની શી રીતે અસર થઈ (ઈજાઓ, ડર લાગ્યો વગેરે). આના માટે ડેસ્ક ડાયરી ઉત્તમ છે. એ તમને નિવેદન આપતી વખતે મદદરૂપ બનશે, બધી વિગતો યાદ રાખવાનું શકય ન બને.
- બનાવ સાથે સંકળાયેલું જે કંઈ હોય તેના ફોટા પાડવાનું કહો. દાખલા તરીકે મિલકતને નુકસાન થયું હોય, દીવાલો ઉપર કશુંક લખેલું હોય. પોલીસ અને અમુક કાઉંસિલો ફોટા પાડી શકે છે. તમે પોતે પણ ફોટા પાડી શકો છો.
- કોઈ સાક્ષી હોય તો એમનાં નામ–સરનામાં લઈ લો. એમણે જે કંઈ જોયું કે સાંભળ્યું હોય તે લખાવીને એમની સહી લઈ લો.
- કોઈને ઈજા થઈ હોય તો એ કોઈ ડૉકટર પાસે કે હોસ્પિટલ જાય તેવો આગ્રહ રાખો. નજરે ચડતી ઈજાઓના ફોટા પાડી લો.
- કંઈ ખર્ચ થયો હોય તો તે પણ નોંધી રાખો (હોસ્પિટલ આવવા–જવાનું) ભાડું, આવકનું નુકસાન વગેરે). વળતરનો દાવો કોર્ટમાં કરી શકાય છે.

## જાતિવાદી કનડગત વિશે પોલીસ શું કરી શકે?

અપરાધ બાબતમાં મળેલી બધી સત્તાઓનો ઉપયોગ કરીને પોલીસ આ ઘટનાઓની તપાસ કરશે. એમાં એ સાથીઓનાં નિવેદનો નોંધશે. ફોરેન્સિક પુરાવા એકઠા કરશે (ફિંગર પ્રિન્ટ અને DNAના નમૂના) અને શંકાસ્પદ શખ્સોની પૂછપરછ કરશે.

શકય જણાશે તો પોલીસ જાતિવાદી કનડગતના કેસોમાં હંમેશાં શંકાસ્પદ શખ્સોની ધરપકડ કરશે. શંકાસ્પદ શખ્શો સામે તહોમતનામું આવશે ત્યારે જામીનની શરતો એવી હશે કે વધારે કનડગત ન થાય.

પોલીસ બીજી એજન્સીઓએ શંકાસ્પદ વ્યકિતને સંબંધિત વિસ્તારમાંથી દૂર કરવા અને એની સામે પ્રતિબંધો મૂકવા માટે જે પગલાં લીધાં હશે તેને પણ ટેકો આપશે.

વળી, હુમલા અને નુકસાનને લગતા સામાન્ય કાયદા પોલીસ લાગુ કરી શકે છે, તે ઉપરાંત પબ્લિક ઑર્ડર ઍકટ પ્રમાણે તમને માર મારવાની ધમકી આપવી કે તમારી સાથે ગાળાગાળી કરવી અથવા અપમાનજનક વર્તન કરવું એ ગેરકાનૂની છે.

ઈરાદાપૂર્વકની કનડગત કાયદાની વિરુદ્ધ છે. તમને કોઈ જાણીજોઈને એકથી વધારે વાર કનડે તે પ્રોટેકશન ફ્રૉમ હૅરૅસમેન્ટ ઍકટ હેઠળ ગેરકાનૂની છે.

છેલ્લે, કેસ જ્યારે કૉર્ટમાં જાય ત્યારે ક્રાઈમ ઍન્ડ ડિઝૉર્ડર ઍકટ પ્રમાણે એવું સાબીત થાય કે અપરાધીઓએ જાતિવાદી દ્વેષ અથવા જાતિવાદી દૃષ્ટિકોણથી અપરાધ કર્યો તો એમને આકરી સજાઓ થઈ શકે છે.

## જાતિવાદી કનડગત વિરુદ્ધ બીજી મદદ

જાતિવાદી કનડગતના કિસ્સામાં પોલીસ ઉપરાંત, બીજી સંસ્થાઓ પણ મદદ અને ટેકો આપી શકે છે અને પગલાં લઈ શકે છે. તમને મદદ કરી શકે એવાં સ્થળો આ પ્રમાણે છે :

**કાઉંસિલો**

તમને કોઈ કનડતું હોય અથવા તમારા પ્રત્યે ભેદભાવ કરતું હોય તો સ્થાનિક કાઉંસિલ તમને મદદ કરી શકે છે. કાઉંસિલ માત્ર એના ભાડૂતો જ નહિ પરંતુ બધા નિવાસીઓ પ્રત્યે જવાબદાર છે. સ્થાનિક ફોનબુકમાંથી કોનો સંપર્ક કરવો તેની વિગતો મળી જશે.

**સોલીસિટરો**

સોલીસિટર સિવિલ કોર્ટમાંથી મનાઈહુકમ મેળવીને તમને લોકોની કનડગત સામે મદદરૂપ બની શકે છે. મનાઈહુકમ કોર્ટનો એક જાતનો આદેશ છે, જેમાં લોકોએ શું ન કરવું તે જણાવેલું હોય છે; દાખલા તરીકે, તમારા ઘર પાસે ન જવું. આવા મનાઈહુકમો ઉપયોગી છે. કારણ કે, તમને એ જલદી મળી જાય છે અને કોઈ સામે કાનૂની કાર્યવાહી કરવા માટે પોલીસે જેટલા પુરાવા રજૂ કરવા પડે તેવા પુરાવા મનાઈહુકમ આપતી વખતે કોર્ટ માગતી નથી. કેટલાક સોલીસિટરો પહેલી સલાહ ફી લીધા વિના આપતા હોય છે. એમના ફોન નંબર 'યલો પેજિસ'માંથી મળશે.

**નૉટિંગહામ એન્ડ ડિસ્ટ્રિકટ રેશિયલ ઈકવાલિટી કાઉંસિલ(REC) 0115 958 6515**

REC (જાતિગત સમાનતા કાઉંસિલ) નૉટિંગહામશાયરમાં જાતિવાદી કનડગતનો ભોગ બનનારને સલાહ અને મદદ આપે છે. એ કાઉંસિલો, પોલીસ અને બીજી સંસ્થાઓ સાથે સંકલન કરીને કામ કરે છે. તમને રોજગાર, આવાસ કે સ્થળાંતરમાં ભેદભાવનો શિકાર બનવું પડયું હોય તો એમાં પણ REC મદદ કરી શકે છે અને તમારા પ્રતિનિધિ તરીકે બોલી શકે છે.

**આફ્રો–કૅરીબિયન એન્ડ એશિયન ફોરમ 0115 857 8853**

આફ્રો–કૅરીબિયન એન્ડ એશિયન ફોરમ બધા જ શ્યામ સમુદાયોને સ્પર્શતી અનેક બાબતોમાં મદદ અને સલાહ આપી શકે છે. આ ફોરમ મારફતે પણ જાતિવાદી ઘટનાઓની ફરિયાદ નોંધાવી શકાય છે. ફોરમ આખા દેશમાં જાતિવાદી ઘટનાઓની ફરિયાદ નોંધાવવા માટેનાં સ્થળો અને સંસ્થાઓની યાદી પણ આપી શકે છે.

**જાતિગત ફોરમો**

દેશના ઘણા જિલ્લાઓમાં જાતિગત ફોરમો પણ છે. જાતિવાદી કનડગત અને બીજી જાતિ સંબંધી બાબતોથી ચિંતિત હોય તેવા લોકો અને સંસ્થાઓ એમાં સામેલ થાય છે. આવાં ફોરમો પાસેથી પણ એમના વિસ્તારમાં જાતિવાદી કનડગત સામે મદદ અને ટેકો આપે તેવાં જૂથો અને વ્યકિતઓ વિશે માહિતી મળી શકે છે. તમારા વિસ્તારનાં જૂથો પાસેથી માહિતી મેળવવા માટે નિમ્નલિખિતનો સંપર્ક કરોઃ

**ઍશફીલ્ડ** **01623 555 551**
ડિટ્રિકટ પાર્ટનરશિપ ઑફિસર

**બૅઝટલૉ** **01623 476 118 એકસ્ટેન્શન : 23**
ડિસ્ટ્રિકટ પાર્ટનરશિપ ઑફિસર

**મેન્સફીલ્ડ એન્ડ ડિસ્ટ્રિકટ** **01623 651 177**
ડિસ્ટ્રિકટ પાર્ટનરશિપ ઑફિસર

**ન્યૂઆર્ક એન્ડ શેરવૂડ** **01636 655 232**
કમ્યૂનિટિ સેફટી ઑફિસર